# ECHO OF HIS CALL

## સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE

*India's National Spiritual Newspaper*

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAANS

**Editor : S. SAM SELVA RAJ** | **16 Languages** | **Associate Editor : Bro. Pankaj C. Wadia**

VOL: XXIII | YEAR OF OUR LORD JESUS CHRIST, 2021 - MARCH | NO: 2


### પવિત્ર બાઈબલ

**કૃપા કરી આ ભાગ મોઢે કરો**

**પ્રભુની સ્તુતિ થાઓ!!**

**ગીતશાસ્ત્ર : ૪૫:૧-૧૦**

૧. મારૂં હૃદય ઉત્તમ વિષયથી ઊભરાઈ જાય છે; જે કવિતા મેં રાજાને માટે રચી છે તે હું બોલું છું: મારી જીભ લહિયાની કલમ જેવી અપળ છે.

૨. તું મનુષ્યો કરતાં સુંદર છે; તારા હોઠો કૃપાથી ભરેલા છે; માટે દેવે સદાકાળ તને આશીર્વાદ દીધો છે.

૩. હે પરાક્રમી, તારી તરવાર તારી કમરે બાંધ, તારૂં ગૌરવ તથા તારો પ્રતાપ ધારણ કર.

૪. સત્ય, નમ્રતા તથા ન્યાયપણાને અર્થે તારા પ્રતાપે સવારી કરીને વિજયવંત થા; તારો જમણો હાથ તને ભયંકર કૃત્યો શીખવશે.

૫. તારાં બાણ તીક્ષ્ણ છે; તે રાજાના શત્રુઓના હૃદયને વીંધે છે, તેથી લોકો તને શરણ થાય છે.

૬. હે દેવ, તારૂં રાજ્યાસન સનાતન છે; તારો દંડ તે યથાર્થ રાજદંડ છે.

૭. તને ન્યાયીપણા પર પ્રીતિ છે, અને દુષ્ટતા પર દ્વેષ છે, માટે દેવે, તારા દેવે, તારા સાથીઓ કરતાં તને શ્રેષ્ઠ ગણીને આનંદના તેલથી તને અભિષિક્ત કર્યો છે.

૮. તારાં બધા વસ્ત્ર બોળ, અગર તથા તજની સુગંધથી મહેકે છે; હાથીદાંતના મહેલોમાં તારનાં વાજિંત્રો તને આનંદ પમાડે છે.

૯. તારી માનીની સ્ત્રીઓમાં રાજપુત્રીઓ છે; તારે જમણે હાથે ઓફીરના સોનાથી શણગારેલાં રાણીજી ઊભાં છે.

૧૦. હે દીકરી, સાંભળ, વિચાર કર, અને કાન ધર; વળી તારા લોકને તથા તારા બાપના ઘરને ભૂલી જા.

# "પસ્તાવો કરો"
## કેમ કે આકાશનું રાજ્ય પાસે છે.

**(પાળક એસ. સામ સેલ્વરાજ દ્વારા મુખ્ય મંડળી પર આપવામાં આવેલો સંદેશો)**

**પસ્તાવા કરવા જે કંઈ થયું હોય, આજકાલ આ શબ્દ મોટા ભાગ્યે મંડળીઓમાં ભાગ્યો જ સંભળાય છે.** બાપ્ટિસ્ટ, પેન્ટીકોસ્ટલ અથવા ઇવાંજેલીકલ વર્તુળોમાં પાળકો આજકાલ ભાગ્યે જ તેમના સભાજનોને પાપ પર દુઃખ વ્યક્ત કરવા કહે છે-તેમની દુષ્ટતાથી આશ્ચર્ય પામનાર ખ્રિસ્ત પર શોક કરવો.

તેને બદલે, આજે ઘણા પૂલપીટ પરથી આપણે જે સંદેશો સાંભળીએ છીએ, "ફક્ત વિશ્ર્વાસ કરો. ખ્રિસ્તના સ્વીકાર કરો અને તમે બચાવ પામશો." જે ફકરો આ સંદેશા માટે ઉપયોગમાં લેવામાં આવ્યો છે તે પ્રેરિતોના કૃત્યો ૧૬:૨૫-૩૦ છે.

આ ફકરામાં, જ્યારે પાઊલને બંદીખાનામાં નાખવામાં આવ્યો હતો, મધરાતે અચાનક ધરતી ધ્રુજી ઊઠી અને બંદીખાનાનાં સર્વ બારણા ઊઘડી ગયા. દરોગાને તરત જ લાગ્યું કે સઘળા બંદીવાનો નાસી ગયા હશે, જેનો અર્થ થતો તો કે તેને દેહાંતદંડ મળશે. હતાશામાં, તેણે પોતાની તરવાર તાણી અને તે આપઘાત કરવા જતો હતો. ત્યારે પાઊલે અને સિલાસે તે જોઈને તેને અટકાવ્યો એમ કહીને કે તેઓ ત્યાં જ હતા.

આ જોઈને, તે માણસ પ્રેરિતોના પગે પડ્યો અને પોકારી ઊઠયો, "હે સાહેબો, તારણ પામવા સારૂ મારે શું કરવું જોઈએ? તેઓએ તેને કહ્યું કે, પ્રભુ ઇસુ પર વિશ્ર્વાસ કર, એટલે તું તથા તારા ઘરનાં સર્વ માણસો તારણ પામશે." (પ્રેરિતોના કૃત્યો ૧૬:૩૦-૩૧).

જ્યારે આપણે આ ફકરો વાંચીએ છીએ, તે યાદ રાખવું મહત્વનું છે કે દરોગો તેના હાથમાં તેની તરવાર તાણીને આપઘાત કરવા જઇ રહ્યો હતો. તે તે જ સમયે પ્રેરિતોની આગળ પસ્તાવો કરવાની અણી પર હતો તેના- ઘુંટણિયે પડેલો, ટુટેલો અને ધ્રુજતો હતો. તેથી તેનું મન ખરેખર ઇસુને શુદ્ધ વિશ્ર્વાસમાં સ્વીકારવા તૈયાર હતું.

માર્કની સુવાર્તામાં, ખ્રિસ્ત તેમના શિષ્યોને કહે છે, "જે કોઈ વિશ્ર્વાસ કરે તથા બાપ્તિસ્મા લે, તે તારણ પામશે; પણ જે વિશ્ર્વાસ નહિ કરે, તે અપરાધી ઠરશે. અહિ ઇસુ શું કહે છે તે આથી સ્પષ્ટ થાય છે, તેમનો સ્વીકાર કરવાથી અને બાપ્તિસ્મા પામવાથી જ તારણ પ્રાપ્ત થાય છે."

તેમ છતાં, ઇસુએ આ જગત સાથે તેમનું બયાન પ્રસ્તુત કર્યુ હતું, **"તેણે તેઓને કહયુ**

(અનુસંધાન પાન ૩ પર)

# ECHO OF HIS CALL

**2019 - GOLDEN JUBILEE YEAR**

**આપણી મિશન નીતિ**

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઇએ. આ સમયની જરૂરિયાત છે.






## ‘તું બીશ મા; કેમ કે હું તારી સાથે છું’’

(યશાયા ૪૩:૫)

સંપાદકીય....

**CHIEF EDITORS**
Pastor S. Sam Selva Raj
Angeline Selvakumari Henry, M.A., M.Ed.

**MANAGING EDITOR**
Pastor Alex Samson Sam, B.Th.,M.Div.

**ADMINISTRATION**
Bro. N. Prakasam, M.A., General Manager

**EDITORIAL BOARD**
Sis. Jesy Veena Sam
Bro. M. Paulraj, M.A., B.Ed.
Sis. Serena Bevin, M.A., M. Phil., B.Ed.

**Hd. Qrs. CO-ORDINATORS**
Bro. John Rodrigues
Sis. E. Daisy Rani

**ADVISORY BOARD**
Adv. Jose Abraham
Adv. N. Balaji, B.Com., B.L.
Dr. S. Rabinder Boaz, M.S.
Er. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM)
Aud. K. Puratchivendan, M.Com., B.L

**PUBLISHER & PRINTER**
Pastor S. SAM SELVA RAJ
**Echo of His Call Printers**
10, Mohammed Abdullah 2nd Street
Chepauk, Chennai- 600 005, India.

**Phone :** (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
**Cell :** (+91) 98410 71852, 95661 31858
**E-mail :** sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**Websites :**
www.echoofhiscall.org
www.echoofhiscall.com

પ્રભુમાં વહાલા પ્રેમી ભાઈઓ અને બહેનો,

આપણાં પ્રભુ અને તારનાર ઇસુ ખ્રિસ્તના મધુર નામમાં તમ સૌને ઘણો જ પ્રેમ.

આ સર્વ અનિશ્ચિતતાઓના દિવસોમાં અમે આશા રાખીએ છીએ કે તમે સર્વ પ્રભુ ઇસુ ખ્રિસ્તના રક્ષણનો આનંદ લઈ રહ્યા છો. અમે સતત તમારા માટે પ્રાર્થના કરીએ છીએ.

કોવિડ-૧૯ ના હુમલા પછીથી સંપૂર્ણ દુન્યવી વ્યવસ્થાઓ ભાંગી પડી છે. સામાન્ય લોકોની આત્મિક વ્યવસ્થાઓને પણ ગંભીર નુકસાન થયું છે. લોકો વધુ સ્વાર્થી, બોલી અને ઓછા આત્મિક બન્યા છે. અને જીવનની અસલામતીને કારણે ભારે ભય હેઠળ છે. જ્યારથી કોરોના મહામારીએ ઘણા લોકોનાં જીવનોને અસર કરી છે, ત્યારે હવે લોકોએ અનુભવવાનું શરૂ કર્યુ છે કે ત્યાં એક સર્વોચ્ચ શક્તિ છે જે સર્વ દુનિયાની વ્યવસ્થાને નિયંત્રણમાં રાખે છે.

તેથી પ્રભુ ઇશ્વર ઇસુ ખ્રિસ્તના બાળકોને દુનિયાનાં લોકો માટે પ્રાર્થના કરવાનો આ યોગ્ય સમય છે જેથી તે લોકો પણ જાણી શકે કે ઇસુ ખ્રિસ્ત જ ઇશ્વર પ્રભુ છે. આ આપણી પ્રામાણિક ઇચ્છા અને પ્રાર્થના હોવી જોઈએ કે દુનિયાભરના માનવજાતના જીવનમાં સંપૂર્ણ સુવાર્તા વાસ્તવિકતાથી લાવવી જોઈએ. સઘળી મંડળીઓએ સઘળી સુવાર્તા દુનિયાભરમાં લઈ જવી જોઈએ. રોમનોને પત્ર ૧૫:૧૯માં પાઊલ જાહેર કરે છે,

**“એટલે યરૂશાલેમથી માંડીને ફરતાં ફરતાં છેક ઇલ્લુરિકા સુધી મેં ખ્રિસ્તની સુવાર્તા સંપૂર્ણ રીતે પ્રગટ કરી છે.”** અને કરિંથીઓના બીજા પત્રમાં ૭:૧માં કહે છે, **“તેથી, વહાલાઓ, આપણને એવાં વચન મળેલા છે માટે આપણે દેહની તથા આત્માની સર્વ મલિનતાને દૂર કરીને પોતે શુધ્ધ થઈએ, અને દેવનું ભય રાખીને સંપૂર્ણ પવિત્રતા સંપાદન કરીએ.”**

તેથી ધ્યાન કેન્દ્રિત કરતા, આપણા સેવકોએ ફકત એક ખાસ લોકોની તરફ રહેવું જોઈએ નહિ અથવા અધુરી સુવાર્તાનો પ્રચાર, ઉપદેશ કરવો ન જોઈએ. સંપૂર્ણ સુવાર્તા એ છે, નિર્જીવ કાર્યો સંબંધી પસ્તાવો કરવો, ઇશ્વર પર વિશ્વાસ રાખવો, બાપ્તિસ્માનો સિદ્ધાંત, હાથ મુકવો, તથા મરી ગયેલાંઓના પુનરુત્થાન તથા અનંતકાળનો ન્યાયકરણ. હિબ્રુઓને પત્ર ૬:૧,૨: “એ માટે, ખ્રિસ્ત વિશેના મૂળતત્વોનો ઉપદેશ પડતો મૂકીને આપણે સંપૂર્ણતા સુધી આગળ વધીએ; અને નિર્જીવ કામો સંબંધીના પસ્તાવાનો તથી દેવ પરના વિશ્વાસનો, તથા બાપ્તિસ્માઓ સંબંધીના ઊપદેશનો તથા હાથ મૂકવાનો તથા મરી ગયેલાંઓના પુનરુત્થાનનો તથા અનંતકાળના ન્યાયકરણનો ફરીથી પાયો ન નાખીએ.”

આપણા પર એવા લાખો લોકોનો બોજ છે જેમણે તેમના તારણ માટે જીવતા તારનાર ઉસુ ખ્રિસ્તનું નામ હજુ સાંભળ્યું નથી. આજકાલ ઇશ્વર આપણા પર સંપૂર્ણ દુનિયાના લોકો પ્રત્યેનો અંતિમ ન્યાયચૂકાદાની ભયાનકતા જાણવા માટે અને આ સમગ્ર વિશ્વમાં એક ખ્રિસ્તવિહીન જીવનના પરિણામો જાણવા માટે દબાણ કરી રહયા છે.

આ અમારા હૃદયમાં હોવાથી, અમે અનંતજીવનના પાસાઓ તરફ ઘણી મહેનત કરી રહયા

**Our Ministries:** ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) BIBLECOR - Postal Courses (3 languages) Theological Correspondence Courses (2 languages) Church Planting Nehemiah Bible Colleges Gospel Printing Press Great Commission Partners St. Paul’s Matriculation School Crusades Community Development

છીએ. કેમ કે પ્રભુ ઇસુ ખ્રિસ્તના કહેવાતા વિશ્વાસીઓ આ નાશ પામનાર દુનિયાના લોકોના અનંતજીવનને એટલું મહત્વ આપતા નથી. ઇશ્વરના લોકો પર આવનાર ન્યાયચૂકાદા માટે, અમે સુવાર્તા દુનિયાના સર્વ લોકોમાં ફેલાવવાનો પ્રયત્ન કરીએ છીએ, ઘણા બધા પ્રતિકુળ વિરોધકો હોવા છતા. અમે અમારા રાજ્ય સંયોજકોને, સહસંપાદકોને, સંયોજકોને વગેરેને પ્રોત્સાહિત કરીએ છીએ કે તેઓ તેમની પ્રભુ ઇસુ ખ્રિસ્ત માટેની પ્રવૃત્તિઓમાં ઝડપ લાવે.

આ પરિસ્થિતિને કારણે, જે લોકોને આધાર આપવા કહેવામાં આવ્યુ છે, તેઓ તેમની જવાબદારીઓ છોડી રહ્યા છે અને સહાયતા કરવાથી પાછા હઠી રહ્યા છે, તેથી સાચી મિનિસ્ટ્રીજ જેવી કે ઇકો ઓફ હીજ કોલ જેવીમાં અમે એક તરફ નાણાંકિય સમસ્યાઓનો અને ખરાબ દુન્યવી વ્યવસ્થાનું દબાણ અને બીજી તરફ વહીવટી કાર્યોમાં પરેશાનીઓનો સામનો કરી રહયા છીએ. અમે અહિં સર્વ ઉલ્લેખ કરી ન શકીએ.

તેથી, અમારા વહાલા મિત્રો, અંતે આ મુશ્કેલ સમયોમાં અમારા માટે પ્રાર્થના કરો. અમને તમારી પ્રાર્થના અને સહાયક હાથોની જરૂર છે.

ખ્રિસ્ત ઇસુમાં તમારો સેવક,

**પાળક સામ સેલ્વરાજ**

(પાન ૧ પરથી આગળ)

**કે, આખા જગતમાં જઈને આખી સૃષ્ટિને સુવાર્તા પ્રગટ કરો."** (માર્ક ૧૬:૧૫). તેઓ કહે છે, ટુંકમાં લોકો તેમના પર વિશ્વાસ કરે તે પહેલા, તેમને સુવાર્તાનો ઉપદેશ આપવો જાઈએ. અને ઇસુ જે સુવાર્તાનો સંદર્ભ આપે છે, તે શું છે? તે તો એ સુવાર્તા હતી જેનો ઇસુએ પોતે બોધ આવ્યો હતો-પસ્તાવાની સુવાર્તા!

આ વિશે વિચાર કરો-જ્યારે તેઓ રાનમાંથી પરીક્ષણ પછી બહાર આવ્યા ત્યારે ઇસુએ આપેલો પ્રથમ સંદેશો શું હતો? પવિત્રશાસ્ત્ર કહે છે, "ત્યારથી ઇસુ પ્રગટ કરવા તથા કહેવા લાગ્યો કે પસ્તાવો કરો, કેમ કે આકાશનું રાજ્ય પાસે આવ્યું છે." (માથ્થી ૪:૧૭).

લોકોને વિશ્વાસ કરવાનું તેડું આપ્યા પહેલા ઇસુએ તેઓને પસ્તાવો કરવા કહ્યું હતુ! માર્ક લખે છે, "પછી ઇસુ ગાલીલમાં આવ્યો ને દેવની સુવાર્તા પ્રગટ કરતાં તેણે કહયું કે સમય પૂરો થયો છે, ને દેવનું રાજ્ય પાસે આવ્યું છે; પસ્તાવો કરો, ને સુવાર્તા પર વિશ્વાસ કરો." (માર્ક ૧:૪,૧૫). ખિસ્તે બોધ કર્યો કે "પ્રથમ પસ્તાવો કરો અને પછી વિશ્વાસ કરો." અન્ય એક સ્થળે ઇસુ તેમના સેવાકાર્ય વિશે કહે છે, "ન્યાયીઓને નહિ, પણ પાપીઓને તેડવા હું આવ્યો છું." (માથ્થી ૯:૧૩) અને તેમણે લોકોને કહ્યું હતું. "હું તમને કહું છું કે, ના; પણ જો તમેં પસ્તાવો કરશો નહિ, તો તમે સર્વ તે જ પ્રમાણે નાશ પામશો." (લૂક ૧૩:૩)

ઇસુની સુવાર્તા પસ્તાવા વિશે જ હતી.

**યોહાન બાપ્તસ્મીએ પણ આવનાર ખ્રિસ્ત માટે ઇસ્રાએલને તૈયાર થવા પસ્તાવાનો બોધ કર્યો હતો.**

યોહાનનો સંદેશો યહૂદિઓ માટે સરળ અને સ્પષ્ટ હતો! "અને તે દહાડાઓમાં યોહાન બાપ્તિસ્મી પ્રગટ થયો, ને યહૂદિયાના રાનમાં ઉપદેશ કરતાં એમ કહેતો હતો કે, પસ્તાવો કરો; કેમ કે આકાશનું રાજ્ય પાસે આવ્યું છે." (માથ્થી ૩:૧-૨). લોકો સર્વ સ્થળેથી યોહાનને સાંભળવા આવતા હતા. અને તેણે તેમને સ્પષ્ટ રીતે કહ્યું હતું: "મસિહા તમારી વચ્ચે તરતમાં જ પ્રગટ થવાનો છે-તેથી તમારે તેમને મળવા સારૂં તૈયાર થવાની જરૂર છે! તમને કદાચ તેમના આવવા વિશે ઊત્તેજના હોય. પણ હું કહું છું, તમારા હૃદયો તૈયાર નથી કારણ કે તમે હજુ પણ તમારા પાપોને પકડી રાખ્યા છે! બહારથી તમે ચોખ્ખા અને પવિત્ર દખાવો છો. પણ અંદરથી તમે મરેલા માણસનાં હાડકા જેવા છો! તમે ઝેરી સાપનાં વંશજો છો, ઇશ્વરની કોઈ બીક ન રાખનારા. તો પણ તમને કોઈ ખ્યાલ નથી કે તમે પાપી છો. હું તમને ચેતવું છું તમે તમારા તારનાર પર વિશ્વાસ કરો અને તેમની પાછળ ચાલો, તે પહેલા તમારે તમારા પાપ સાથે વ્યવહાર કરવો જોઈએ."

"તેથી, પસ્તાવો કરો, તમારા પાપથી ફરો અને એવી રીતે જીવો કે જે વાસ્તવિક બદલાણને પ્રતિબિંબિત કરે! પચાસમાંના દિવસે લોકોના સમુદાયને પિતરે કંઇ સુવાર્તાનો ઉપદેશ આપ્યો હતો? પવિત્રશાસ્ત્ર આપણને કહે છે કે જ્યારે લોકોએ પ્રેરિતોની સાક્ષી સાંભળી; "હવે આ સાંભળીને તેઓનાં મન વીંધાઈ ગયાં, અને તેઓએ પિતરને તથા બીજા પ્રેરિતોને કહ્યું કે, ભાઈઓ, અમે શું કરીએ? ત્યારે પિતરે તેઓને કહયું કે, પસ્તાવો કરો, અને ઇસુ ખ્રિસ્તને નામે તમારામાંનો દરેક બાપ્તિસ્મા પામો કે, તમારાં પાપનું નિવારણ થાય: અને તમને પવિત્ર આત્માનું દાન મળશે. (પ્રેરિતોનાં કૃત્યો ૨:૩૭-૩૮).

પિતરે આ લોકોને ફકત એ જ ન કીધું કે, "વિશ્વાસ કરો અને બચાવ પામો."તેણે ઇસુને માટે મત આપવા માટે તેમને ફકત કોઈ નિર્ણય લેવાનું કહયુ નહિ. ના તેણે તેમને પ્રથમ પસ્તાવો કરવા કહ્યું હતું, અને પછી ખ્રિસ્તના આજ્ઞાપાલનમાં તેમને બાપ્તિસ્મા આપ્યું હતું ! પાઊલે મૂર્તિપૂજક આથેન્સવાસીઓને

**ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ તમારા જેવા ઇકો ઓફ હીજ કોલ સામાયિકના લવાજમ ધારકોની સહાય વડે, વાચકો વડે, અને તમારા જેવા મિત્રોના સ્વૈચ્છીક દાનો વડે મદદ મેળવે છે. ખુશીથી આપનારને દેવ ચાહે છે. (૨ કરિંથીઓને પત્ર ૯:૭), હરકોઇ રીતે, સર્વેની સાથે, સર્વના જેવો, કોઈ પણ માર્ગે, દરેક રીતે, કેટલાકની જેમ. (૧ કરિંથીઓને પત્ર ૯:૨૨) – સંપાદક**

(પાન ૩થી આગળ)

અરિયોપગસમાં શું સુવાર્તા આપી હતી? 'દેવ આ સર્વ સ્થળે સઘળાં માણસોને પસ્તાવો કરવાની આજ્ઞા કરે છે."

આ ગ્રીક બૌધિકોને દેવમાં વિશ્વાસ કરવામાં કોઈ મુશ્કેલી ન હતી. હકિકતમાં, તમે કહી શકો કે તેમનો સમય પસાર કરવાનું કામ તો વિશ્વાસ કરવાનો જ હતો. તેઓ ઘણા દેવોમાં વિશ્વાસ કરતાં હતા પહેલા આ, પછી અન્ય એક. જ્યારે પણ કોઈ દેવ વિશે સમજાવટથી ઉપદેશ કરવા આવતા હતા, તેઓ તેમાં વિશ્વાસ કરતા હતા. તેથી, તેઓ વિશ્વાસ કરતા હતા- પણ તેઓ એ કરતા હતા જ્યારે તેઓ પાપમાં જીવતા હતા. ફક્ત સરળ વિશ્વાસ જ પૂરતો ન હતો!

પાઊલે આ માણસોને કહયું હતુ, ના, ના-તે ખ્રિસ્ત નથી! ઇસુને તમે તમારા દેવોની યાદીમાં ઉમેરી ન શકો. તમે તે બધામાં વિશ્વાસ કરતા હો, પણ તમે તે ઇસુ સાથે એવું માત્ર કરી શકો નહિ. તેઓ તમને તમારા પાપોથી બચાવવા આવ્યા છે. અને તેમણે તેમના અનુયાયીઓને આજ્ઞા આપી છે કે પસ્તાવો કરો અને પોતાને શુદ્ધ કરો! પાછળથી, પાઊલે આગ્રીપા રાજાને એ જ પસ્તાવાની સુવાર્તા આપી હતી, તેણે કહયું, "તે માટે, હે આગ્રીપા રાજા, તે આકાશી દર્શન માન્યા વિના હું રહ્યો નહિ; પણ પહેલાં દમસ્કના, યરૂશાલેમના, તથા યહૂદિયાના બધા પ્રાંતોનાં લોકોને તથા વિદેશીઓને પણ મેં એવો જ બોધ કર્યો કે તમારે પસ્તાવો કરીને તથા દેવની ભણી ફરીને પસ્તાવો કરનારને છાજે એવાં કૃત્યો કરવાં.

પાઊલ કહે છે. "જ્યાં કંઈ હું ગયો, મેં પસ્તાવા વિશે ઉપદેશ આપ્યો છે. અને ખરો પસ્તાવો તેના કાર્યો દ્વારા સાબીત થાય છે." આ ફકરો આપણને સ્પષ્ટ કરે છે કે ધાર્મિક મંડળી આજ સુવાર્તાનો ઉપદેશ આપે છે, જે યોહાન અને ઇસુએ આપ્યો હતોઃ "તમારા પાપોની માફી માટે પસ્તાવો કરો!"

## પસ્તાવાનો અર્થ શું છે?

કેટલાક ખ્રિસ્તીઓ માને છે કે પસ્તાવાનો અર્થ છે, "ફક્ત ફરવું" અને વિરુદ્ધ દિશામાં જવું. પણ પવિત્રશાસ્ત્ર આપણને કહે છે કે પસ્તાવો કરવો તે આ કરતા વધુ કંઈ છે. મેં એક વખત એક માણસને કહેતા સાંભળ્યો હતો, "મને આનંદ છે કે હું ગ્રીક નવો કરાર જાણું છું જે "પસ્તાવા"શબ્દનો અનુવાદ કરે છે જેનો અર્થ છે, "કોઈકનું મન બદલવું."

ના-આ માણસ તેની ગ્રીક ભાષા જાણતો નથી! નવા કરારમાં "પસ્તાવો"શબ્દનો પૂર્ણ, અક્ષરશ અર્થ છે, "ઇશ્વર આગળ કોઈના પાપો માટે પસ્તાવો કરવો" અને આત્મનિંદાનો અનુભવ કરવો; શોક કરતા, માફ કરવું, દિશા બદલવાની ઇચ્છા રાખવી. અહિં જે અર્થનો ફરક છે તે શબ્દ "જોઈએ"માં છે. ખરો પસ્તાવો બદલવાની ઇચ્છાનો સમાવેશ કરે છે! તદોપરાંત, ફક્ત માફી માગવી તે પસ્તાવો નથી. તેને બદલે, ખરી માફી પસ્તાવા તરફ દોરી જાય છે. પાઊલ કહે છે, "કેમ કે દેવની ઇચ્છા પ્રમાણે થતો ખેદ, શોક નહિ, પણ તારણ ઉપજાવે એવો પસ્તાવો ઉત્પન્ન કરે છે; પણ સંસારિક ખેદ મરણસાધક છે." (કરિંથીઓને ૨જો પત્ર ૭:૧૦).

પાઊલ અહિ શોક વિશે કહે છે જે ખેદ વગર છે-એક જે વાસ્તવિક છે, જે પસ્તાવિક વ્યક્તિના જીવનમાં ચોંટી જાય છે. આ પ્રકારનો ધાર્મિક શોક કુદરતી રીતે પસ્તાવો ઉત્પન્ન કરે છે જેમાં પાપનો ધિક્કાર કરવો, ઇશ્વરનો પ્રામાણિક ડર અને સર્વ ખોટાને સુધારવાની ઇચ્છા. તે આપણને આશ્ચર્ય પમાડવું ન જોઈએ કે પાઉલ વિશ્વાસીઓને પસ્તાવાનો ઉપદેશ કરે છે. તે કરિંથમાં ખ્રિસ્તીઓને પસ્તાવાનો મજબૂત સંદેશો આપે છે. કરિંથના વિશ્વાસીઓ ઇશ્વરના આશીર્વાદથી ઘણા સમૃદ્ધ હતા, વચનોના મોટા શિક્ષણની હેઠળ રહીને. તો પણ તેમના સભાજનો પાપથી તુટેલા હતા.

પાઉલ પ્રથમ કરિંથીવાસીઓને સાક્ષી આપે છે, "ખરેખર ચિહ્નો, અદ્ભુત કૃત્યો તથા પરાક્રમી કામો વડે તમારી આગળ પ્રેરિતનાં લક્ષણો પૂરી ધીરજથી દર્શાવવામાં આવ્યા હતા." (કરિંથીઓને ૨જો પત્ર ૧૨:૧૨). પણ પછી પાઊલ તેમને ઘણી સ્પષ્ટતાથી કહે છે, "કેમ કે મને ભય લાગે છે, રખેને હું આવું ત્યારે જેવા તમને જોવાની હું ઇચ્છા રાખું છું, તેવા તમને ન જોઉ..."(કરિંથીઓને ૨જો પત્ર ૧૨:૨૦). પાઊલનો ભય શું હતો? તે તો સરળતાથી આ હતોઃ "રખેને હું ફરી આવું ત્યારે મારો દેવ મને તમારી આગળ નીચું જોવડાવે; અને જેઓ આજ સુધી પાપ કરતા આવ્યા છે, અને જેઓએ અશુદ્ધતા, વ્યભિચાર તથા કામાતુરપણું કર્યા છતાં તે વિષે પસ્તાવો કર્યો નથી, તેઓમાંના ઘણા વિષે મારે શોક કરવો પડે." (કરિંથીઓને ૨જો પત્ર ૧૨:૨૧).

આ નમ્ર હદયનો ઘેટાપાળક કરિંથના સમાધાનકારી સંતોને પ્રેમ કરતો હતો. તો પણ તે જાણતો હતો કે તેઓ સારી રીતે શીખેલા છે કે પાપી જીવનશૈલી ખોટી હતી. અને તેણે તેમને કહયું હતું, "જ્યારે હું તમારી મુલાકાતે

(અનુસંધાન પાન ૬ પર)


**Statement about ownership and other particulars about the Newspaper Echo of His Call (Gujarati) - Form IV**
**(See Rule 8)**

1. Place of Publication : **18, Mohammed Abdullah Street, Chepauk, Chennai - 600 005**
2. Periodicity : **Monthly**
3. Printer, Editor, Owner & Publisher : **S. Sam Selva Raj** (Same Address)
4. Nationality : **Indian**

I **S. Sam Selva Raj**, hereby that the particulars given above are true to the best of my knowledge and belief.

**March 2021** **S. Sam Selva Raj.**

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વંહેચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨ તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ અને પ્રાર્થનાની વિનંતીઓ / મુદ્દાઓ- ૧૯ માર્ચ ૨૦૨૧ થી ૧૮ એપ્રિલ ૨૦૨૧ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ઈશ્વર કાર્ય કરે છે.

## સ્તુતિનાં મુદ્દાઓ / વિનંતિઓ

માર્ચ ૧૯ : ઇશ્વરે અમારી મુખ્ય મંડળીની મિનિસ્ટ્રીયલ પ્રવૃતિઓ જે પાછલા મહિનામાં ભરાઈ હતી, તેને આર્શીવાદિત કરી છે.

માર્ચ ૨૦ : ઇશ્વરે નવેસરથી મણિપૂરી ભાષાને ઇકો ઓફ હીજ કોલ સામયિકમાં ઉમેરવામાં આશીર્વાદિત કર્યુ છે.

માર્ચ ૨૧ : આપણા બાઈબલકોર અને ઇશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમોને આશીર્વાદિત કરવા બદલ આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

માર્ચ ૨૨ : ઇશ્વરે અમારી ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજને પાછલા મહિનામાં આશીર્વાદિત કરી છે.

માર્ચ ૨૩ : અમારા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવન ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારોને અને તેમના કુટુંબના સભ્યોને માટે ઇશ્વરની સ્તુતિ કરીએ.

માર્ચ ૨૪ : અમારી મંડળીમાં નવા વિશ્વાસીઓને અભિષેકથી આશીર્વાદિત કરવા માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

માર્ચ ૨૫ : અમને રાજ્ય સંયોજકો અને તેમના પરિવારોની ભેટ આપવા માટે ઇશ્વરની સ્તુતિ થાઓ.

માર્ચ ૨૬ : અમારી મિનિસ્ટ્રીયલ મુસાફરી માટે અમે આભારી ભાવથી ઇશ્વરની સ્તુતિ કરીએ છીએ.

માર્ચ ૨૭ : અમારા સહસંપાદકો અને તેમના પરિવારોના ઉપયોગ માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

માર્ચ ૨૮ : ઇશ્વરના આર્શીવાદથી અમારા છાપખાનામાં ૧૭ ભાષાઓમાં છપાતા પ્રકાશનો માટે, જે મિશન વિસ્તારોમાં મોકલાય છે, તે માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

માર્ચ ૨૯ : ઇશ્વરે અમારા સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન શાળાના ઓનલાઈન વર્ગોને આશીર્વાદિત કર્યા છે.

માર્ચ ૩૦ : અમારા સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન શાળાના શિક્ષકો અને કર્મચારી વર્ગો માટે અમે સંપૂર્ણપણે ઇશ્વરની સ્તુતિ કરીએ છીએ.

માર્ચ ૩૧ : વર્ષ ૨૦૨૦ દરમિયાન કોવિડ-૧૯ની વચ્ચે અમારા જીવનોની સલામતીના આશીર્વાદો માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

એપ્રિલ ૦૧: કોવિડ-૧૯ના સમય દરમિયાન ઇશ્વરે અમારી ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજની સર્વ પ્રવૃતિઓને આશીર્વાદિત કરી છે.

એપ્રિલ ૦૨: અમારી મુખ્ય મંડળીની ભજનસેવા નિયમિતપણે ભરાઈ શકી છે તે માટે ઇશ્વરની સ્તુતિ કરીએ.

એપ્રિલ ૦૩: ઇશ્વર આપણા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના પરિવારના સભ્યોને દરેક દુષ્ટ પરિબળોથી રક્ષણ આપે છે.

## પ્રાર્થનાનાં મુદ્દાઓ / વિનંતિઓ

એપ્રિલ ૦૪ : જે મિત્રો અને વિશ્વાસીઓને અમે ૨૦૨૦ના વર્ષમાં મળ્યા હતા, તેમને આશીર્વાદિત કરવા અમે ઇશ્વરને પ્રાર્થના કરીએ છીએ.

એપ્રિલ ૦૫ : અમારા સુવાર્તા છાપખાનાને આશીર્વાદિત કરવા માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

એપ્રિલ ૦૬ : સર્વ ધર્મોની વચ્ચે એકતા માટે પ્રાર્થનાઓનું વચન.

એપ્રિલ ૦૭ : ઇશ્વર પ્રત્યે સર્વ દેશોની વચ્ચે અખંડતા માટે આતુરતાથી પ્રાર્થના કરવી.

એપ્રિલ ૦૮ : સર્વ નશા બંધાણીઓના છુટકારા માટે આવો નમ્રતાથી ઇશ્વરને પ્રાર્થના કરીએ.

એપ્રિલ ૦૯ : આવો મણિપુરી ભાષાના સહસંપાદક રેવ. ડો. રીશિકાંતા સોરોખાઈબાનને માટે પ્રાર્થના કરીએ.

એપ્રિલ ૧૦ : આપણા અંગ્રેજી સહસંપાદક ભાઈ એમ. પોલરાજના સંપૂર્ણ સાજાપણા માટે પ્રાર્થના કરવાનું ચાલુ રાખીએ.

એપ્રિલ ૧૧ : દુનિયામાંથી કોરોના વાઈરસ જલ્દી નાબૂદ થાય માટે પ્રાર્થનાઓનું વચન.

એપ્રિલ ૧૨ : અમારી સંસ્થા, સર્વ કર્મચારીવર્ગ અને તેમના પરીવારના ફાયદાઓ માટે આવો પ્રાર્થના કરીએ.

એપ્રિલ ૧૩ : આ વર્ષના ખર્ચા માટે અને તેના પર ઇશ્વરના હાથ માટે પ્રાર્થના કરીએ.

એપ્રિલ ૧૪ : અમારા ઉત્તર ભારતના મિશનરીઓ અને તેમની ભલાઈ માટે પ્રાર્થના કરીએ.

એપ્રિલ ૧૫ : અમારૂં સુવાર્તા છાપખાનું સલામત અને વ્યવસ્થિત રાખવા માટે ઇશ્વરને પ્રાર્થના કરીએ.

એપ્રિલ ૧૬ : મિનિસ્ટ્રીમાં સર્વ મિશનરીઓ અને વિશ્વાસીઓની એકતા માટે પ્રાર્થના કરીએ.

એપ્રિલ ૧૭ : અમારી મિનિસ્ટ્રીજના દરેક માર્ગો અને પરિમાણના વિસ્તરણ માટે પ્રાર્થના કરીએ.

એપ્રિલ ૧૮ : ઇશ્વર આપણા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબને સર્વ પ્રકારના દુષ્ટ પરિબળોથી રક્ષણ આપવાનું ચાલું રાખો.

(પાન૪ થી આગળ...)

આવ્યો, ત્યારે તમે મારૂં મસ્તક શોકમાં ડુલેલું જોશો. જ્યારે હું જોઈશ કે તમે અશુદ્ધિઓ, વ્યભિચાર અને કામાતુરપણામાં ડુબેલા રહો છો, ત્યારે મારી આંખો આસુંઓથી વહેશે અને મારો સાદ શોકના વિલાપ કરશે. હું એકદમ તુટી જઈશ-કારણ કે સુવાર્તાએ તમારા હૃદયમાં કામ કર્યુ નથી. તમે તમારા પાપો માટે હજુ પણ પસ્તાવો કર્યો નથી. અને હું તમને પોકારીને પસ્તાવો કરવા કહીશ.

## પાઉલના આ શબ્દોએ મને શરમમાં મૂક્યો

જેમ જેમ હું પાઉલના શબ્દો વાંચુ છુ, ત્યારે હું મારી પોતાની મિનિસ્ટ્રીને તપાસી જોઉં છું. અને મારે પૂછવું જોઈએ, “શું ઇસુ જે પસ્તાવાની સુવાર્તાનો ઉપદેશ આપતા હતા, તે મેં ટુંકી કરી નાખી છે? શું મેં મારા પવિત્રશાસ્ત્ર પર કાતર ચલાવી છે અને ઇસુને અનુસરવાની મોટી કિંમતને દૂર કરી છે? શું મેં લોકોને એમ કહીને તેમની કિંમત ઓછી કરી છે ફક્ત વિશ્વાસ કરો અને બચાવ પામો?”

આજે જ્યારે હું મંડળીને જોઉં છું, ત્યારે મને આશ્ચર્ય થાય છે. શું આપણે, સુવાર્તિકો, પવિત્રશાસ્ત્રીય ખરા પસ્તાવાની સાબીતી તરીકે “ઇશ્વરીય દુઃખો” પર ભાર મુકીએ છીએ? અથવા શું આપણે બીનપસ્તાવિક લોકોના સમુદાયોને ખીટી શાંતિમાં દોરીએ છીએ? શું આપણે ખોટી રીતે સુચવીએ છીએ કે ઇશ્વરને ફક્ત એટલું જ જોઈએ છે કે એમ કહેવું, “ઇસુ, હું તમારામાં વિશ્વાસ કરું છું?” શું આપણે પાપો માટેના વાસ્તવિક પ્રતિતિને ટુંકાવી છે? જેઓએ ખરેખર પસ્તાવો કર્યો નથી તેઓને તારણ આપવા આપણે કુદી પડીએ છીએ- જેમણે તેમના ગુનાઓ માટે દુઃખ વ્યક્ત કર્યુ નથી, જેમણે તેમના પાપોના વધતા કામોને જોયા નથી, જેમણે વિશ્વાસની માંગ કરી છે જેથી તેઓ તેમની વાસનાઓ તેની પાછળ છુપાવી શકે?

વિવિધ મિનિસ્ટ્રીઓ મારફત ઇસુ પાસે આવતા લોકોની સંખ્યા વિશે આપણે સતત ભયાનક અતિશયોક્તિ ભરેલી વાતો સાંભળીએ છીએ. ખ્રિસ્તીઓ એવા અહેવાલ આપે છે કે જ્યારે તેમણે જેલોમાં, શાળાઓમાં, ગ્રામીણ સભાઓમાં ઉપદેશ આપ્યા છે તેને કારણે સંખ્યાબંધ લોકો બચાવ પામ્યા છે. તેઓ કહે છે, “આ જગ્યાના દરેક જણે ઇસુને તેમના હૃદયો સોંપ્યા છે. જ્યારે હું ઉપદેશ પૂરો કરૂં છું ત્યારે તેઓ બધા તારણ માટે આગળ આવે છે.”

ના, આ દુઃખદ અતિશયોક્તિ છે. ઘણી બધી વાર, ખરેખર શું બન્યુ છે કે દરેક જણ ફક્ત પસ્તાવાની પ્રાર્થના કરે છે. તેમને જે પ્રાર્થના કરવાનું કહેવામાં આવે છે, તે જ તેઓ પ્રાર્થના કરે છે-અને તેમાનાં થોડા જ તેઓ જે કહે છે તે સમજી શકે છે. પણ પછી મોટા ભાગના તેમના અસંસ્કારી માર્ગોએ પાછા જાય છે. આવા લોકોને પવિત્ર આત્માના ઊંડા કાર્યનો અનુભવ ક્યારેય થતો નથી. તેને પરિણામે, તેઓ ક્યારેક પસ્તાવો કરતા નથી, ક્યારેય તેમના પાપો માટે દુઃખ વ્યક્ત કરતા નથી અને ક્યારેય ખરો વિશ્વાસ કરતા નથી. દુઃખદ રીતે, આપણો તેમને એ આપીએ છીએ જે ઇસુએ પોતે ક્યારેય પસ્તાવા વગર તારણની વાતની રજુઆત કરી ન હતી.

હું માનું છું કે મંડળીએ પ્રતીતિમાંથી લાગણી લીધી છે. તે વિશે વિચાર કરો-તમે એવા લોકોના ગાલ પર આસુંઓ ભાગ્યે જ જોયા હશે જેઓને બચાવવામાં આવ્યા હોય. અલબત હું જાણું છું કે આસુંઓ કોઈને બચાવી શકતા નથી. પણ ઇશ્વરે આપણા સહુને માણસ બનાવ્યા દરેક લાગણીઓ સાથે. અને કોઈપણ નરકમાં જનાર પાપી જેની પર પવિત્ર આત્મા દ્વારા પ્રેરણા કરવામાં આવી છે, તે સ્વાભાવિક રીતે ઇશ્વરને જે રીતે દુઃખી કરે છે, તે પણ એવા ગહન દુઃખનો અનુભવ કરે છે.

પ્રેરિત પિતરે આ પ્રકારનું ઇશ્વરીય દુઃખ અનુભવ્યું હતું, જ્યારે તેણે ઈસુનો નકાર કર્યો હતો. અચાનક, ઇસુએ તેને શું કહયું હતું, તે બાબતો યાદ કરીને તેનું હૃદય ભરાઈ આવ્યું. “તરત મરઘો બીજી વાર બોલ્યો. ઇસુએ પિતરને જે વાત કહી હતી કે, મરઘો બે વાર બોલ્યા અગાઉ તું ત્રણ વાર મારો નકાર કરીશ, તે તેને યાદ આવી; અને તે પર મન લગાડીને તે રડ્યો.” (માર્ક ૧૪:૭૨). જ્યારે પિતરે આ વચનો યાદ કર્યા ત્યારે તેનુ મન લાગણીઓથી ભરાઈ આવ્યુ હતું.

વહાલાઓ, આપણે આપણા દેહમાં તે રીતનું પસ્તાવાનું કાર્ય કરી શકીએ નહિ. ફકત પવિત્ર આત્મા આપણને પ્રકટ કરી શકે કે કેવી રીતે, પિતરની જેમ, આપણે પણ આપણા પ્રેમાળ તારનારને ઘાયલ કર્યા હતા. અને તે સાક્ષાત્કાર આપણને ઊંડા દુઃખથી ભરી દેશે! હું સર્વ પ્યુરિટન લેખકોના સિધ્ધાંતની સાથે સહમત થતો નથી, પણ હું તેમના પવિત્રતાના ભારને ચાહું છું. આ ધાર્મિક ઉપદેશકો તેમના સંદેશાઓને “ઊંડુ ખેડાણ” કહે છે. તેઓ માને છે કે તેઓ વિશ્વાસના ખરા બીને વાવી ન શકે જ્યાં સુધી તેમના સાંભળનારાઓના હૃદયની જમીનને ઊંડે સુધી ખેડવામાં ન આવે.

તેથી પ્યુરિટિઅન્સોએ ખાતરી કરી હતી કે તેમનો ઉપદેશ ઊંડો ગયો છે અને તેમના

## એક પ્રેમભરી વિનંતી

જેમ તમે જાણો છો અમારી જરૂરીયાતો જેવી કે કાર્યાલયવર્ગનો પગાર, કાગળ ખરીદવાનો ખર્ચ અને મૂસાફરી ખર્ચ પૂરા કરવા માટે અમે સખત તંગી અનુભવીએ છીએ. સાધારણરીતે અમે અમારી નાણાંકિય જરૂરીયાતો માટે બીજાઓને કહેતા નથી. પણ અમે એવા લોકો, પવિત્ર નામને થાઓ (ઇસુને). જેઓ આ મિનિસ્ટ્રીને ખરેખર ચાહે છે, તેમને વિનંતી કરીએ છીએ કે તમારા દાનો મનીઓર્ડર, ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટ, ફોન પે, એનઇએફટી અથવા અન્ય પદ્ધતિથી મોકલી શકો છો. અને આ મિનિસ્ટ્રીમાં અમને સહાય કરી શકો છો.

વધુ માહિતી માટે કોલ કરો– +91 9841271858 / 9841071858

**સંપાદક-ઇકો ઓફ હીજ કોલ**
**એસ. સામ સેલ્વરાજ**

શ્રોતાઓના આત્માઓના તમામ સ્તરો તોડી નખાશે. તેમના ઉપદેશોએ તેમના સભાજનોમાં વાસ્તવિક પસ્તાવો ઉત્પન્ન કર્યો હતો. અને તેના બદલામાં, વર્ષો સુધી તેમણે મજબૂત, પરિપક્વ, વિશ્વાસુ ખ્રિસ્તીઓ બનાવ્યા છે, જેવા કે જાણીતા કવિ જોન મિલ્ટન. તેમ છતાં, આજે મોટા ભાગનાં ઉપદેશોનું વાવેતર થયા કરે છે જેમાં ખેતી થતી નથી. આજકાલ હું થોડા જ ઉપદેશો સાંભળું છું, જે વધુ ઊંડા હોય. ઊંડી ખેતી ફક્ત પાપના રોગને ધ્યાનમાં લેતી નથી; પણ તે રોગના મૂળ સુધી જાય છે.

આપણે ઘણા ખરા ઉપદેશોમાં, રોગનું મૂળ સાંભળીએ છીએ. ઘણા ખરા ઉપદેશો જે આપણે આજે સાંભળીએ છીએ, તે ઉપાય પર ધ્યાન આપે છે પણ રોગની અવગણના કરે છે. તે વાઢકાપ કર્યા વગર પ્રિસ્કિપસન્સ આપે છે!

દુર્ભાગ્યે, આપણે લોકોને એવું લાગવા દઈએ છીએ કે તેઓ પાપથી સાજા થઈ ગયા છે, જ્યારે તેઓ ક્યારેય જાણતા ન હતા કે તેઓ માંદા હતા. આપણે તેમને પ્રામાણિકતાના ઝબ્બા પહેરાવીએ છીએ પણ ખરેખર તેઓ ક્યારેય જાણતા ન હતા કે તેઓ નાગા હતા. આપણે તેમને ખ્રિસ્ત પર વિશ્વાસ કરવા વિનંતી કરીએ છીએ પણ ખરેખર તેમને વિશ્વાસ કરવાની જરૂર વિશે ખબર પણ નથી હોતી. આવા લોકો એવું વિચારતા રહે છે, “મારા જીવનમાં ઇસુને ઉમેરવાથી મને કઇ નુકસાન નથી.” સી. એચ. સ્પર્જન, સામર્થ્યવાન અંગ્રેજી ઉપદેશક, પસ્તાવાની જરૂરીયાત વિશે નીચે મુજબ કહે છે.

“મને વિશ્વાસ છે કે દુ:ખદાયક પશ્ચાતાપ હજી અસ્તિત્વમાં નથી, જો કે તે હજી સુધી તેના વિશે ઘણું સાંભળ્યું નથી. આજકાલ લોકો વિશ્વાસની બાબતમાં ઘણા જલદી કુદી પડે છે. હું આશા રાખુ છું કે મારા જૂના મિત્ર, પસ્તાવો મરી ગયો નથી. હું પસ્તાવાના અતિશય પ્રેમમાં છું; તે વિશ્વાસની જોડકી બહેનો જેવું લાગે છે. હું શુષ્ક આંખોના વિશ્વાસ વિશે મારી જાતને ખુબ સમજી શકુ છું; હું જાણું છું કે વધસ્તંભ પાસે રડવાથી હું ખ્રિસ્તની પાસે આવી શક્યો છું. જ્યારે હું વિશ્વાસથી કાલવરી પાસે આવ્યો હતો, ત્યારે ઘણા આસુંઓ અને વિનંતી સાથે આવ્યો હતો, મારા અપરાધની કબૂલાત કરતા, અને ઇસુમાં તારણ શોધવાની ઇચ્છા સાથે અને ફક્ત ઇસુમાં જ.

**જ્યારે આપણી મંડળી સ્થપાઈ હતી, ત્યારે આપણા પાળકોએ શરૂઆતના થોડા વર્ષો સુદી નિયમ વિશે જ ઉપદેશ આપ્યો હતો.**

આપણી મંડળીમાં આપણે નિયમ વિશે આટલી લંબાઈથી કેમ ઉપદેશ આપીએ છીએ? આપણે તે કરીએ છીએ કારણ કે આપણા ઘણા બધા સભાજનો પોતાની જાતને ખ્રિસ્તીઓ કહેડાવતા નથી તો પણ તેમના જીવનો તે પ્રતિબિંબિત કરતા ન હતા! તે શરૂઆતના વર્ષોમાં દરેક સભાઓનાં અંતે ઘણા લોકો વેદી પાસે આવતા હતા. તેઓ પાળકીય પ્રાર્થનાનું પુનરાવર્તન કરતા હતા અને વિશ્વાસથી તારણ મેળવતા હતા. તો પણ, આમાંના મોટા ભાગનાં પોતાના પાપ માટે ક્યારેય પ્રતીત થતા ન હતા. તેઓએ ઇશ્વરીય દુ:ખનો અનુભવ કર્યો ન હતો.અને તેથી તેમના જીવનો ખરા પસ્તાવાને પ્રગટ કરતા ન હતા.

માનવામાં આવે છે કે પસ્તાવો કરનાર થિયેટર કલાકારોએ રવિવારે ખ્રિસ્ત વિશે દાવો કર્યો હતો પણ અઠવાડિયા દરમિયાન તેમના નિંદાના કાર્યક્રમ તરફ પાછા ગયા હતા. સમલૈંગિકો તારણ માટે પ્રાર્થના કરતા હતા પણ હજુ તેમની પાપી જીવનશૈલીમાં પડ્યા રહ્યા છે. બીજા આપણી વેદી આગળ ઇસુની કબૂલાત કરે છે પણ સાથે સાથે તેમની વ્યભિચારીક અથવા નશાની બાબતો ચાલુ રાખે છે. આથી કેમ અમે અમારા પૂલપીટ પરથી પ્રતીતિ કરાવીએ છીએ! પવિત્ર આત્મા આપણી પાળકીય ટીમને દોરે છે કે તેમના વચન મારફત તેઓના સર્વ પાપ, બંડખોરી અને અનઆજ્ઞાપાલનને ખુલ્લા કરે છે. આપણે નરકને ઘણી સખત રીતે ઉપદેશ કરીએ છીએ કે લોકો ઊઠી જાય છે અને સભા છોડીને જતા રહે છે. અને અમે સ્વર્ગની વાસ્તવિકતાનો ઉપદેશ કરીએ છીએ, ખ્રિસ્તના પવિત્રપણાના અદ્દ્ભૂત ખરાપણા આગળ સમાધાન કરતા ધ્રુજીએ છીએ.

અમારો નિયમ વિશેનો ઉપદેશ તે સમયે ખરોખર જરૂરી હતો. તે તો ઇશ્વરનો અરીસો છે, જે દરેક છુપાયેલી, ગુપ્ત બાબતોને પ્રગટ કરે છે. અને તે આપણા સભાજનોમાં વધતા પાપની સામે અતિ જાગૃતિ લાવે છે. જ્યારે કેટલાક લોકો ભાગી જાય છે, તો કેટલાક વાસ્તવિક પસ્તાવામાં આગળ દોડી આવે છે. આમાંના એક તેજીલા અભિનેતા ડેવિડ ડેવિસ હતા. તેઓ પૂર્ણ પસ્તાવા સાતે ઇસુને શરણે આવ્યા હતા. અને આજે તેઓ તેમની પાળકપત્નિ સાથે ઇસ્રાએલમાં એક સમૃધ્ધ મંડળી ચલાવે છે, જ્યાં તેઓ પાછલા અંદાજે ૧૦ વર્ષોથી ઇસુ વિશે ઉપદેશ આપે છે.

જ્યારે પસ્તાવાની સાચી કામગીરી અમારી મંડળીમાં પૂર્ણ થઈ, ત્યારે પવિત્રઆત્માએ અમને કૃપાના મહિમા માટે ઉપદેશ કરવામાં દોર્યા. અમે નવા કરાર પર શીખવ્યું, પાપ પર સામર્થ્ય પવિત્રઆત્મા મારફત, વિશ્વાસમાં ચાલીને. ટુંકમાં, અમે સંતોને ઊભા કરવાનું શરૂ કર્યુ. તે બધા અનુભવો મારફત અમે ફક્ત નિયમો પર ઉપદેશ આપવા વિશે અને પ્રાથમિકતાથી પાપ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં જોખમ જોયું. જો લોકોને આ સંદેશાનો સ્થાયી ખોરાક આપવામાં આવે, તો તેઓ વિશ્વાસ ગુમાવશે અને હતાશામાં જશે, એમ વિચારીને કે, “મેં ક્યારે પણ મેળવ્યું નથી.” આશા માટે વધસ્તંભની તરફ જોવા કરતા તેઓ સતત અંદરની બાજુ વળશે.

તો પણ જ્યારે એક મંડળી ઇશ્વરની હશે, તે ઇશ્વર પર ભરોસો રાખીને જ્યારે જરૂરત હોય ત્યારે નિયમનો સંદેશો લાવી શકે છે. જો ઇસુ તેમના લોકોને “સહેલા વિશ્વાસમાં” પડતા જોશે, ત્યારે તેઓ ફરી એક વાર તેમના પર નિયમનો ઠપકો લાવશે, સર્વ દયા અને કૃપા સાથે. તમે જુઓ છો, પસ્તાવો કંઈ એક સમયનો અનુભવ નથી. તે કંઈ વાવઝોડું નથી કે એક વાર માર મારે અને હમેશા માટે જતું

રહે. આપણે ફકત કટોકટીના સમયમાં જ પસ્તાવાનો અનુભવ કરતા નથી અને ફકત તે વિશે આપણા જીવનભર બોલ્યા કરીએ. પાપ માટે કોઈ દુઃખ સતત આપણું શિક્ષક થવું ન જોઈએ.

સ્પર્જન સાક્ષી આપે છે, "હું મુક્તપણે કબૂલ કરૂં છું કે જ્યારે હું તારનારની પાસે ૩૦ વર્ષો પહેલા આવ્યો હતો, તેના કરતા આજે મને પાપ માટે ઘણું વધુ દુઃખ થાય છે. જ્યારે હુ પ્રતીતિ હેઠળ હતો તેના કરતા હવે હું પાપને વધારે તીવ્રતાથી ધિક્કરું છું. પહેલા એવી ઘણી બાબતો છે કે ત્યારે હું જે પાપ છે એમ જણાતો ન હતો પણ હવે જાણું છું. જ્યારે હું પ્રથમ ખ્રિસ્તમાં આવ્યો તેના કરતા હવે મારા પોતાના હૃદયની અધમતા વિશે મને વધુ ભાન છે." પાપ માટે દુઃખ તે કાયમી વરસાદ છે, એક મૃદુ, હળવો છટકાવ, તે દ્વારા માણસને તેના જીવનભર ખરેખર બચાવી રાખે છે. તે હમેશાં દુઃખી હોય છે કે તેણે પાપ કર્યુ હતું. બધા પાપો મટી ન જાય ત્યાં સુધી તે શોક કર્યા કરશે.

## ઇસુએ એફેસસમાંની મંડળીને કશુક કહયું જેને કારણે હું ધ્રુજી ઊઠ્યો!

યોહાને પ્રકટીકરણમાં સાત મંડળીઓનો ઉલ્લેખ કર્યો હતો તે તમને યાદ હશે. તેમાંની એક મંડળી છે એફેસસની મંડળી, જેના વિશે યોહાન ઉમદા વિચાર ધરાવે છે. હું મારી મંડળીને એફેસસની મંડળીની જેમ સરખાવું છું. તે દુનિયાનું એક ઘણી વસ્તીવાળ નગરોમાંનું એક હતું, જેમાં વિશ્રાસીઓની મંડળીએ ઘણી મહેનત કરી હતી, ક્યારે પણ દુષ્ટતાની વચ્ચે ભાન ગુમાવ્યા વગર. લોકો સમર્પિત જીવન જીવતા હતા, પાપને ધિક્કારતા હતા અને ખોટા સિધ્ધાંતોને સ્વીકારવાનો નકાર કરતા હતા. તેઓ વિશ્વાસમાં દ્રઢ ઊભા રહયા, ઇશ્વરને પૂર્ણ હૃદય સાથે પ્રેમ કરતા, કોઈ પણ પરીક્ષણ શેતાન તેમના પર નાખે તો પણ.

તો પણ, ખ્રિસ્ત જાણતા હતા કે તે લોકોની વચ્ચે કઈક ખોટું હતું. અને તેઓ આ મંડળીને એટલી ચાહતા હતા કે તે સર્વ દેશો માટે પ્રકાશનો દીવો હતો. તેઓ એમ જ બેસી રહેવાના ન હતા અને તેને મરવા દેવાના ન હતા. તેથી તેમણે અફેસસવાસીઓને કહયું, "તો પણ તારી વિરૂદ્ધ મારે આટલું છે કે, તેં મારા પ્રથમના પ્રેમનો ત્યાગ કર્યો."(પ્રકટીકરણ ૨:૪). ઇસુ કહેતા હતા, "તારો અગ્નિ હોલવાઈ ગયો છે"! મારા માટેનો તારો પ્રેમ જે તને વિશ્વાસમાં પ્રેરણા આપતો હતો, તે ઝાંખો પડી ગયો છે. તે એક સમયે મારો ભાર સહન કર્યો હતો-પણ હવે તું ફકત બેસી રહેવામાં સમાધાની રહે છે અને ઉપદેશ સાંભળ્યા કરે છે. તું હવે પૂર્ણ રીતે તારી વ્યક્તિગત ચિંતામાં પડ્યો છે અને તુ મારી તરફ અવગણના કરે છે. જ્યાં તું એક સમયે ઊભો હતો ત્યાંથી તું પડયો છે.

ઇસુ પછી તેમને કહે છે, "એ માટે તું જ્યાંથી પડયો છે તે યાદ કર..."(કલમ ૫). તેઓ કહે છે, "પાછો વિચાર કર! તું મારા ઘરમાં આવતો હતો, મારા સંતાનની સાથે, મારે બોજ ઊઠાવવા, પણ હવે રવિવારે સવારે તને એક કલાક બસ થઈ જાય છે! તેથી, વહાલા ખ્રિસ્તીઓ શું તમે હજી પણ ઇસુ માટે તીવ્ર છો? જ્યારે તમને બચાવવામાં આવ્યા ત્યારે જેવો તમે તેમને ઊત્સાહથી જેવો પ્રેમ કરતા હતા તેઓ અત્યારે કરો છો. અથવા શું તમે તેમની ચિંતાઓમાં રસ ગુમાવ્યો છે, બધી સેવાઓ છોડીને? શું તમારા જીવનમાં બીજી કોઈ બાબતો બને છે? જો એમ હોય તો, ઇશ્વર તમને કહે છે, "મને તારી વિરૂદ્ધ કંઇક છે. તેં તારા પ્રથમના પ્રેમનો ત્યાગ કર્યો છે!

આ પર ઇસુ આપણને શું કહે છે તે સાંભળો; "પસ્તાવો કર અને પ્રથમના જેવા કામ કર.." (તેજ કલમ) તેઓ કહે છે, "તમારી વધતી ઉદાસીનતા પર શોક કરો. તેને ગંભીરતાથી લો. પછી તમારા દુઃખમાં તમને પાછો દોરી જવા દો જ્યાં તમે પ્રથમ મને પ્રેમ કરતા હતા!" ખ્રિસ્ત ત્યારે આપણને વચન આપે છે કે આપણે જાણીએ કે આપણે વધુ સારી રીતે ધ્યાન આપીશું. તેઓ કહે છે, "...અથવા તો પણ.. (તેજ કલમ). તેઓ તરતજ પરીણામ જણાવે છે." હું તારી પાસે આવીશ, અને જો તું પસ્તાવો નહિ કરે તો તારી દીવીને તેની જગ્યાએથી હું ખસેડી દઈશ." (તેજ કલમ).

ઇસુ અહિં કહે છે કે જ્યાં સુધી આપણે પસ્તાવો નહિ કરીએ, ત્યાં સુધી તેઓ સર્વ આત્મિક અધિકાર જે આપણને આપવામાં આવ્યો છે, તે કાઢી લેશે. તે આપણા શહેર પરનો, આપણા સમાજ પરનો, આપણા પાડોશ પરનો પ્રભાવ, જે આપણા પ્રભાવના ક્ષેત્રમાં છે, તેને સમાવેશ કરે છે. આપણી પાસ જે કંઈ પ્રભાવ છે તે દરેક આપણી પાસેથી લઈ લેવામાં આવશે. તેઓ કહે છે, "સિવાય કે પસ્તાવો કરો!" હમણા હવે, દુનિયાની મંડળીઓ તેમના બારણા બંધ કરી રહ્યા છે. તેમની દીવીઓ વાસ્તવિક રીતે બંધ થવા માંડી છે. કારણ કે પસ્તાવાનો નકાર કરવાનો તેઓ પર ન્યાય ચુકાદો આવવાનો છે!

ઇશ્વર કહે છે તેઓ તેમની સમજદારી ગુમાવશે, તેમનો આત્મિક આશીર્વાદ, તેમની નાણાંકિય બાબતો, અને તેમની ખરી હાજરી પણ ગુમાવશે. હવે તેઓ મૃત છે, જીવન વગરનાં. ફક્ત તેમના ભૂતકાળના આશીર્વાદોની જૂની યાદો સાથે.

૩૦ વર્ષો પહેલા હું આવી ઘણી મંડળીઓમાં ઊપદેશ આપતો હતો. તે સમયે તેઓ ઉત્સાહી વિશ્રવાસીઓથી ઊભરાતા હતા. આજે ડઝનેક લોકો તેમના દેવળોનાં બાકડાઓ પર બેસે છે. તરતમાં જ તેઓ કશા કામનાં નહિ હોય. અને તેમનાં બારણાં બંધ થઈ જશે. ઇશ્વરે લખ્યું છે, "ઇખાબોદ", જેનો અર્થ છે, "યહોવાનું ગૌરવ જતુ રહયું છે!" હા, વહાલાઓ, ઇશ્વર દરેક ખ્રિસ્તીઓને આ જ સંદેશો આપે છે. તેઓ કહે છે, જો તમે પસ્તાવો કરવાનો નકાર કરશો-જો તમે તમારી ઊદાસીનતામાં રહેશો-તો હું તમારી દીવી ખસેડી નાખીશ. તમારો તમારા પરિવાર પર, તમારા સાથીઓ પર, કોઈના પર પણ કોઈ પ્રભાવ રહેશે નહિ! આ જ એફેસસની મંડળી સાથે બન્યું હતું. ઇશ્વર ધીરજથી રાહ જુએ છે. ૧૦૦૦ વર્ષો સુધી; હકીકતમાં-મંડળી પસ્તાવો



# ખાડામાંથી મહેલમાં

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**"જે કોઈ વાંચે, તે તે સમજે"** (માથ્થી ૨૪:૧૫)

**"અને ઇસહાકે તે દેશમાં વાવણી કરી, તે જ વર્ષે સોગણું પામ્યો; અને યહોવાએ તેને આશીર્વાદ દીધો."** (ઉત્પતિ ૨૬:૧૨)

૧૯૬૯ વર્ષથી ઇશ્વર અમને સાહિત્યની મિનિસ્ટ્રીમાં અને ચર્ચ પ્લાંટીંગમાં વાપરે છે ઇકો ઓફ હીજ કોલ દ્વારા. પ્રભુ ઇસુ ખ્રિસ્તની સુવાર્તાનો પ્રચાર કરવા માટે અમે ઘણી સંખ્યામાં આગેવાનો ઊભા કર્યા.

વર્ષ ૧૯૮૦માં ઇશ્વરે અમને સક્ષમ કર્યા કે અમે બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમ બાઈબલકોરને નામે શરૂ કરી શક્યા. અમને સમગ્ર ભારત દેશમાં રહેતા, બિનખ્રિસ્તીઓ તરફથી સારો એવો પ્રતિસાદ મળ્યો, કેમ કે અમે અભ્યાસક્રમ અંગ્રેજી, તામિલ અને હિન્દીમાં સંચાલિત કર્યો હતો. અમારે અભ્યાસક્રમના ઘણા પુસ્તકો વિદ્યાર્થીઓને દર રોજ મોકલવાના હતા. તેથી ઇશ્વર પર વિશ્વાસ રાખીને, અમે ૩૦૦૦૦ પ્રતોની વરદી આ અભ્યાસક્રમના પુસ્તકો છપાવવા આપી. તે પ્રમાણે એક સુંદર સવારે, સઘળા પુસ્તકો છપાઈ ગયા અને અમને સોંપવામાં આવ્યા.

પણ અમારા કાર્યાલયના મકાનમાલિકે તે પુસ્તકો અમારા કાર્યાલયમાં મુકવા માટે અમને મંજૂરી આપવાનો ઇન્કાર કર્યો કેમ કે તે ખ્રિસ્તી કાર્યના વિસ્તારણની બાબતમાં ખુશ ન હતો. અમે ઘણી જગ્યાઓ ભાડા પર શોધી કે જેથી તે પુસ્તકો ત્યાં રાખી શકાય. પણ અમારા બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. અમે ઇશ્વર આગળ પ્રાર્થના કરતા હતા કે તે અમારે માટે માર્ગ ખુલો કરે.

અચાનક ઇશ્વરે મદ્રાસના એક ભાઈનુ અમારી સાથે જોડાણ કરાવ્યુ, જેમનું નામ હતુ શ્રી રામલિંગમ અને તેમના પત્નિ શ્રીમતી સરલ સરસ્વથી. ઇશ્વરે અમને દોર્યા કે અમે અમારા પુસ્તકો સલામતરીતે મુકવાની અમારી જરૂરીયાત તેમની સાથે વહેંચી શકીએ. ઇશ્વરે તેમની સાથે વાત કરી અને તેઓ આનંદથી આગળ આવ્યા અને અમને અમારા પુસ્તકો તેમના ઘરમાં મુકવા પરવાનગી આપી. અમે તેમના ઘરે જતા અને જ્યારે પણ પુસ્તકોની જરૂર પડે તે લઈ લેતા. ઇશ્રરે ખરેખર તે કુટુંબને ખાસ રીતે આશીર્વાદીત કર્યા.

હવે ઇશ્વરે અમને આશીર્વાદિત કર્યા છે. અમે અમારી શાળા માટે મકાન બાંધી શક્યા તેજ પ્રમાણે બાઈબલ કોલેજ માટે અમારૂં પોતાનું અલગ મકાન બાંધી શકયા, જ્યાં ઘણી જગ્યા હતી કે અમે ઘણા પુસ્તકો રાખી શકીએ. ઇશ્વરે અમને આશીર્વાદિત કર્યા એક છાપખાના સાથે જે મારફતે અમે હજારો સુવાર્તા સાહિત્ય વિવિધ ભાષામાં છપાવી શકીએ. તેમને સંગ્રહ કરી શકીએ અને દેશના વિવિધ ભાગોમાં મોકલી શકીએ. આમ ઇશ્વરે અમારા આંસુંઓ જોયા અને અમારી પ્રાર્થનાઓનો જવાબ આપ્યો.

વહાલા વાચકો, પ્રભુ ઇસુ ખ્રિસ્ત હજી જીવતા છે. તેઓ તમારા જીવનોમાં પણ ચમત્કારો કરી શકે છે. જો તમે તમારા જીવનમાં તકલીફોમાંથી પસાર થઈ રહ્યા છો, છોડો નહિ, તેમના ચમત્કારોમાં માનો. તમે સફળ થશો. ઇશ્વર તમને આશીર્વાદ આપો.

♦♦♦

---

કરે માટે. તો પણ અંતે સમય આવ્યો, જ્યારે તેમનું પાછા હઠવું તે તેઓ સહન કરી શકે તે કરતા વધુ હતુ.

ઇતિહાસકાર ગિબ્બોન લખે છે: "એફેસસની પ્રથમ દીવી હોલવાઈ ગઈ હતી, લોનિયા અને લીદીયાના ઘાતકી સરદારોએ ખ્રિસ્તીઓના શેષ બચેલાઓને કચડી નાખ્યા હતા. ફકત ફિલાદેલ્ફિયાની મંડળી હજુ મજબૂત રીતે ઊભી હતી. તો પણ, જો કે આપણે આ વચનો વાંચીએ છીએ, આપણે ગભરાવવાની જરૂર નથી કે ઇસુ આપણને આપેલી ચેતવણીને આ રીતે પૂરી કરશે. 'જેને કાન છે તે સાંભળે. જે જીતે છે તેને દેવના પારાદૈસમાંના જીવનના ઝાડ પરનું ફળ હું ખાવાને આપીશ."

વહાલા સંતો, ઇસુ એક ઝાડ છે! તેઓ આપણને કહે છે, "જો તમે પસ્તાવો કરશો, તો હું મારામાંથી તમને શાશ્વત જીવન આપીશ. અને જ્યાં સુધી તમે મને પ્રેમ કરશો, હું તમારામાં એક અલૌકિક જીવનનો ઝરો પૂરો પાડીશ. આ જીવન તમારી સમજદારીમાં તમારા લોકો માટેના પ્રેમમાં, અને મારા રાજ્યમાંના તમારા સારા કામોમાં જાહેર કરવામાં આવશે. આ તે લક્ષણ છે જે દરેક ખ્રિસ્તીમાં છે, જે ઇસુ સાથે ખરા પ્રેમમાં છે. આવા વિશ્વાસીઓ જીવનથી ભરપૂર હોય છે – અને તેમની આસપાસના દરેક જણ તે જાણે છે!

ઇસુ ખાતરી આપે છે કે તમારૂ ધાર્મિક દુ:ખ, તમારૂ પસ્તાવિક હૃદય અને તમારો તેમણે માટેનો તાજો કરાયેલો પ્રેમ, તમને જીવનમાં દોરશે. તેથી, તેમને હમણા જ પ્રાર્થના કરો: "હે ઇશ્વર, મને ખરૂં પસ્તાવિક હૃદય આપો. જ્યાં હું તમારા પ્રથમ પ્રેમમાં હતો, ત્યાં મને પાછા લઈ જાઓ. તો પણ, મને લઈ જાઓ પિતા, તમારા ઊંડાણમાં, જ્યાં હું ક્યારેક હતો!" જેમ તમે પસ્તાવો કરશો, ઇશ્વરનો આત્મા તમારામાં ખ્રિસ્તનાં મહિમાને નવો સાક્ષાત્કાર ઉત્પન્ન કરવાનું શરૂ કરશે. આમેન.

♦♦♦

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

# તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

**વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-**

**આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-**

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાકીય મદદો (ડી.ડી.દ્વારા, ચેક, મનીઓર્ડર દ્વારા વગેરે) **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલા સરનામા પર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

**ECHO OF HIS CALL**
10, MOHAMMED ABDULLAH 2nd STREET,
CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH : (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766
CELL : (+91) 98410 71852, 95661 31858
E-mails : sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites : www.echoofhiscall.org / www.echoofhiscall.com
YOU CAN SEND YOUR DONATIONS ON ONLINE ALSO

**AN URGENT GOOD NEWS!**

Our Residential
**NEHEMIAH BIBLE COLLEGE!!**
re opens *from* 01-06-2021
One Year DIPLOMA COURSE!!!
Hindi & English Medium
@
Velachery, Chennai.

**EVENING BIBLE COLLEGES**
(2 Centres - Tamil Medium)

1. NEHEMIAH BIBLE COLLEGE,
ECHO OF HIS CALL, 10, Mohammed Abdullah 2nd Street, Bells Road, Chepauk, Chennai - 600 005, India.
2. ST. PAUL'S COMPLEX,
8/18, Velachery Main Road, Santhoshapuram, Vijayanagaram Bus Stop, Medavakkam, Chennai - 600 100.

CONTACT IMMEDIATELY :
**Rev. ALEX SAMSON SAM, Director**
Cell : 98412 71858 / 98410 71858
E.mail : sam@echoofhiscall.org

The details of our Bank Accounts are given below. Please inform us the details of your remittance.

| Bank | Branch | Name | IFSC Code No. | Account Number |
|---|---|---|---|---|
| 1. STATE BANK OF INDIA | Triplicane, Chennai -5 | S. Sam Selva Raj | SBIN 0000249 | 102329 34679 |
| 2. ICICI BANK | Anna Salai, Chennai -2 | Echo of His Call | ICIC 0006038 | 6038 05022319 |

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/21-23
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS / 1 Patrika Channel"
on 16th MARCH 2021
If un-delivered please return to:
ECHO OF HIS CALL (GUJARATI)
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

*JESUS LOVES YOU!*

To

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from No.18, Mohammed Abdullah Street, Chepauk, Chennai-600 005 and printed by him at **Echo of His Call Printers** No. 18, Mohammed Abdullah Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**